**GJLV060000632015**

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૭/૦૭/૨૦૧૫ | | |
| દાખલ તારીખ | :: | ૦૭/૦૭/૨૦૧૫ | | |
| ફૈંસલ તારીખ | : | ૨૨/૦૧/૨૦૨૪ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૮ | ૦૬ | ૧૫ |

# બાલાસિનોરનાં મહેરબાન એડીશનલ સીવીલ જજ (શ્રી અર્જુનસિંહ) સાહેબની અદાલતમાં, મું: બાલાસિનોર સમક્ષ.

## રેગ્યુલર દિવાની મુકદમા નંબર ૪૬/૨૦૧૫

**આંક –૮૨**

**વાદી :–** ઈબરાર અહેમદ મો. હુસેન શેખ,
રહે. ઠે. તારન શહિદ દરગાહ પાસે, મુ.તા.બાલાસિનોર, જી.મહીસાગર

વિરૂધ્ધ

**પ્રતિવાદીઓ :–**
૧. મો. ઈલીયાસ મો. યુસુફ શેખ,
૨. ઈખ્તીયાર મો. યુસુફ શેખ,
૩. મો. ઈકબાલ મો. યુસુફ શેખ,
૪. અખ્તરહુસેન મો. યુસુફ શેખ,
૫. મો. આરીફ મો. યુસુફ શેખ,
૬. શાહેરાબાનુ મો. યુસુફ શેખ,
૭. ફરજાનાબાનુ મો. યુસુફ શેખ,
૮. શેરબાનુ મો. યુસુફ શેખ,
૯. ઉમેરાબીબી તે અબ્દુલ રઝાક મો. યુસુફ શેખની વિધવા પોતે તથા **સગીરોના** વાલી તરીકે
૧૦. મુસ્તકીમ અ.રઝાક શેખ **સગીર,**
૧૧. તોહીર અ. રઝાકના વાલી **સગીર,**
૧૨. સલમાબીબી તે મો. ઈદ્રીશ મો. યુસુફશેખની વિધવા પોતે તથા **સગીરોના** વાલી તરીકે
૧૩. એઝાઝ મો. ઈદ્રીશ,**સગીર,**

૧૪. અહેસાન મો. ઈદ્રીશ,**સગીર,**
૧૫. આસીફ મો. ઈદ્રીશ,**સગીર,**
૧૬. અકીલ મો. ઈદ્રીશ,**સગીર,**
૧૭. શબનમ મો. ઈદ્રીશના,**સગીર,**
૧૮. મો. યુનુસ ઉસ્માનમીયા શેખ,
તમામ રહે. ઠે. ટીમ્બા મહોલ્લા, તા.બાલાસિનોર, જી.મહીસાગર
૧૯. ખૈરુનબીબી ઉસ્માનમીયા શેખ,
રહે. ઠે. મુલતાનપુરા, મુ.તા.બાલાસિનોર, જી.મહીસાગર
૨૦. ખાતુનબીબી ઉસ્માનમીયા શેખ,
૨૧. હફીજનબીબી ઉસ્માનમીયા શેખ,
બંને રહે. ઠે. તારન શહીદ દરગાહની સામે, મુ.તા.બાલાસિનોર, જી.મહીસાગર
૨૨. રાબીયાબીબી ઉસ્માનમીયા શેખ,
રહે. ઠે. નવ પંચ જમાતખાનાની પાસે,
તા.બાલાસિનોર, જી.મહીસાગર
૨૩. હસીનાબીબી મહંમદ હુસેન ઉસ્માનમીયાની વિધવા,
૨૪. ઈસરાર મો. હુસેન શેખ,
૨૫. ઈકરાર મો. હુસેન શેખ,
૨૬. રોશનબાનુ મો. હુસેન શેખ,
૨૭. અશરફનબાનુ ગુ. રસુલ શેખની દિકરી,
૨૮. સુગરાબીબી તે ગુલામ રસુલ શેખની વિધવા,
૨૯. હબીબભાઈ ગફુરભાઈ શેખ,
નં.૨૩ થી ૨૯ રહે. ઠે. તારન શહીદ દરગાહની સામે,
મુ.તા.બાલાસિનોર, જી.મહીસાગર
૩૦. મુસ્તાકભાઈ ગંફુરભાઈ શેખ,
૩૧. આબીદભાઈ ગફુરભાઈ શેખ,
૩૨. શીરીનબીબી ગફુરભાઈ શેખ,
ત્રણેય રહે. રાવળીયા વાડ, તા.બાલાસિનોર, જી.મહીસાગર
૩૩. નસીમબાનુ ગફુરભાઈ શેખની દિકરી / રફીકભાઈમલેકની પત્ની,
રહે. શાહ મહંમદ ટેકરો રાવલીયાવાડ,
હાલ રહે. કાલુપુર જુના પ્લોટ બાલાનિસોર, જી.મહીસાગર

==========================================

**દાવો :– રૂા.૧૦૦૦૦૦ના આંકથી...**

==========================================

**વાદી તર્ફે વિ.વ.શ્રી આઈ.એસ. મલિક**

**પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ તરફે વિ.વ.વ.શ્રી જે.એમ.શાહ**

**પ્રતિવાદી નં.૧૮ થી ૨૭ નાઓ તરફે વિ.વ.વ.શ્રી એ.જી.શેખ**
**પ્રતિવાદી નં.૨૮ થી ૩૩ નાઓ તરફે વિ.વ.વ.શ્રી કોઇ નથી.**

==========================================

## :- ઠ રા વ -:

(૧) આ કામનાં વાદીએ આ કામનાં પ્રતિવાદીઓ વિરૂઘ્ધ હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ છે કે,

(અ) હાલના મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના મઘ્યે ટીમ્બા મહોલ્લામા વિસ્તારમાં આવેલ બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ અને બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૬ ની તથા બાલાસિનોર કસ્બાની સીમના રેવન્યુ સર્વે નં.૨૬૨ તથા ૨૭૪/૨ તથા ૨૭૪/૩ ની તેઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે મુસ્લીમ કાનુન હેઠળ નિયત થયેલા હિસ્સા અનુસાર તેમજ મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની જોગવાઈ પ્રમાણે વહેંચણી કરી આપી પ્રત્યક્ષ કબજે સુંપ્રત કરવા ન્યાયના હિતમા હુકમ કરવા,

(બ) બાલાસિનોર સીટી સર્વે નંબર ૧૬૭૫ વાળી મીલકતના પ્રથમ મજલો જે તેમના સ્વ. કાકી સુગરાબીબી ગુલામ રસુલ શેખના કબજા ભોગવટામાં હતો તેના મરણ બાદ પ્રતિવાદી નં.૧ નાઓએ કબજો ગેરકાયદેસર રીતે કરી લીધેલ હોય આ દાવાનો આખરી નિકાલ થતા સુધી દરમ્યાન ઉપજ વાદીને અપાવવા,

(ક) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી નં.૧ થી ૧૭ પાસેથી અપાવવા,

(ડ) નામદાર કોર્ટને બીજી યોગ્ય અને ન્યાયી લાગે તેવી હરકોઈ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

વાદી અરજીમા જણાવેલ સરનામે રહે છે અને ખેતી તથા ફુરસદના સમય મોટર રીપેરીંગ તેમજ ડ્રાઈવીંગનુ કામ કરી ગુજરાન ચલાવે છે. આ કામના પ્રતિવાદી નં.૨૩ તેમની વિધવા માતા છે તથા પ્રતિવાદી નં.૨૪ થી ૨૬ તેઓના સગા ભાઇઓ તથા બહેન છે. પ્રતિવાદી નં.૧ થી ૧૭ તેમના સગા સ્વ. કાકાશ્રી મો. યુનુસ ઉસ્માનમીયા

શેખના કાયદેસરના વારસો છે તથા પ્રતિવાદી નં.૨૭ તથા ૨૮ તેમના સગા કાકા સ્વ. ગુલામ રસુલ ઉસ્માનમીયા શેખના કાયદેસરના વારસો છે. તેઓ તથા પ્રતિવાદીઓના પુર્વજ સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયા શેખ કરીને હતા તે તેમના અવસાન બાદ નામદાર કોર્ટથી હકુમતના શહેર બાલાસિનોરના ટીંબા મહોલ્લા વિસ્તારમાં બાલાસિનોર સીટી ઘર નં.૧૬૭૫ અને ૧૬૭૬ વાળી મકાન મીલકતો તથા બાલાસિનોર કસ્બાની સીમમાં રેવન્યુ સર્વે નં.૨૪૪/૨ તથા ૨૪૪/૩ તથા રેવન્યુ સર્વે નં.૨૬૨ વાળી ખેતીની જમીનો મુકી ગયેલા છે. સદર સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયા શેખ તા.૧૮/૦૩/૧૯૭૪ ના રોજ અવસાન પામેલા છે તે તેમની પાછળ ચાર પુત્રો નામે ગુલામ રસુલ, મહંમદ યુસુફ, મહંમદ યુનુસ તથા મહંમદ હુસેન તથા પાંચ પુત્રીઓ નામે હનીફાબીબી, ખેરુનબીબી, ખાતુનબીબી, હનીઝાબીબી, રાબીયાબીબી તે તેમના વારસ તરીકે મુકી ગયેલા જે પૈકી હનીફાબીબી તા.૧૦/૦૯/૨૦૦૮ ના રોજ અવસાન પામેલા છે. આમ વાદી તથા પ્રતિવાદીઓના મર્હુમની મીકલતમાં મુસ્લીમ કાનુન મુજબ નકકી થયેલ હિસ્સો સંયુકત રીતે ધરાવે છે.

વધુમાં વાદીના કથન મુજબ, તેઓના સ્વ. કાકાશ્રી ગુલામ રસુલ તેમના સ્વ. દાદાશ્રીની ઉપરોકત મીકલતો પરત્વેનો તેમનો જમીન તથા મકાનમાંનો હિસ્સો તેઓ તેમને સંતાનમાં કોઈ દિકરો ન હોય તેમજ એક દિકરી નામે અશરફનબીબીને પણ પરણાવી દીધેલ હોય તે તેણીની સાસરીમાં રહેતી હોય અને તેઓના કાકી નામે સુગરાબીબી તે તેમની હયાતીમાં જ અલગ રહેતા હોય તેઓ તેમની સાર સંભાળ દવા દારુ તથા ભરણપોષણ વિગેરે કરતા હોય તેઓની તરફેણમાં તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજ એક વસીયતનામાથી તેમના કાયદેસરના સંતાનોની સંમતીથી તેઓને આપી દીધેલ છે. આમ સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયા શેખની ઉપરોકત મીલકતોના તેઓ તથા પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓનો અડધા અડધા હિસ્સાના માલીક થયેલા છે. આમ સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયા શેખની મકાન મીકલતો બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ અને ૧૬૭૬ ના સંયુકત ખુંટ વર્ણન નીચે મુજબ છે.

પુર્વે:– મહોલ્લાનો રસ્તો મુકી સ્વ. મહંમદખાન ગફ્ફારખાન પઠાણ વિગેરેની માલીકીનુ મકાન આવેલુ છે.

પશ્ચિમે:– રસ્તો મુકી મુસ્તુફા ઈમામખાનનુ મકાન આવેલુ છે.

ઉત્તરે:–કાલુશા હબીબશા વિગેરેની માલીકીનુ મકાન આવેલુ છે.

દક્ષિણે:–શઈદ ફીરદોષમીયા મીલકત આવેલી છે.

સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયાની શેખની જમીન મીલકતોમા રેવન્યુ સર્વે નં.૨૬૨/૧, ૨૭૪/૨ અને ૨૭૪/૩ ના સંયુકત ખુંટ વર્ણન નીચે મુજબ છે.

પુર્વે:– રેવન્યુ સર્વે નં.૨૫૫ ની હદવારે

પશ્ચિમે:– રેવન્યુ સર્વે નં.૨૦૦ અને રેવન્યુ સર્વે નં.૨૬૪ ની હદવારે

ઉત્તરે:–રેવન્યુ સર્વે નં.૨૬૩ વાળી જમીનની હદવારે

દક્ષિણે:–રેવન્યુ સર્વે નં.૨૫૯/૨ તથા રેવન્યુ સર્વે નં.૨૬૨/૧ ની હદવારે

(૩) ઉપરોકત સર્વે નંબરોમાં તેઓ તથા પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓનો વણ વહેંચાયેલા અડધો અડધ હિસ્સો આવેલો છે ખેતીની જમીનોની વહેંચણી મુંબઈ લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈઓનો લક્ષમાં લઈ સદર જમીનોની પક્ષકારોને વચ્ચેની વહેંચણી કરી આપવાની જરૂર છે આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓને હિસ્સો આવતી સદરહું વડીલોપાર્જીત મીલકતોના કબજા સ્વતંત્ર રીતે ધારણ કરી લેવા વહેંચણી કરી જણાવતા તેઓ કોઈને કોઈ બહાના હેઠળ વહેંચણી કરી લેવાની વાતને ટાળી દેતા હતા અને ગલ્લા તલ્લા કરી સમય વ્યતિત કર્યે જાય છે અને બાલાસિનોર સીટી સર્વે નંબર ૧૭૭૫ વાળુ મકાનની પ્રથમ મજલો કે જે તેઓના સ્વ. કાકાશ્રી ગુલામ રસુલ ઉસ્માનમીયાનો પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હતો તે તેમની દિકરી નામે અશરફબાનુ કે જેઓને પરણાવી દીધેલ છે અને તે તેમના સાસરામાં રહે છે અને તેમના સદર કાકાના પત્ની નામે સુગરાબીબી જે તા.૧૫/૦૯/૨૦૧૩ ના રોજ અવસાન પામેલા છે જેથી તેમના ઘરમાં કોઈ રહેતુ ન હોય તેના ઉપર ઘરના તાળા તોડીને પ્રતિવાદી નં.૧ નાઓએ કબજો કરી લીધેલ

છે અને આમ ના છુટકે તેઓ તથા પ્રતિવાદી નં.૨૩ થી ૨૭ નાઓના વરાડે પડતી મીલકતોને તથા અન્ય તેમના કાકા તથા બે સ્વગીર્ય કાકાના વારસોને હિસ્સે આપવાની મીલકતોનો વરાડે પડતો કબજો મેળવવા તથા સુપ્રત કરવા માટે આ દાવો કરવાની જરૂર પડેલ હોવાનુ જણાવેલ છે.

**સદર કામે ચાલુ દાવા દરમ્યાન વાદીએ સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયાની શેખની દીકરી હનીફાબેન નાઓના વારસોને આંક–૨૭ ની અરજીથી પક્ષકાર તરીકે જોડવાની માંગણી કરેલ જે અરજી મંજુર થતાં સદર કામે સ્વ.હનીફાબેન ઉસ્માનમીંયા ના કાયદેસરના વારસોને પ્રતિવાદી નં.૨૯ થી ૩૩ તરીકે દાખલ કરવામાં આવેલ છે.**

(૪) આ કામનાં પ્રતિવાદીઓને દાવાનો ધોરણસરનો સમન્સ બજતાં પ્રતિવાદી ઓ તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને પ્રતિવાદી નં.૧૮ થી ૨૭ નાઓએ આંક–૧૯ થી વાદીની દાવા અરજીની લગત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, વાદીના દાવા અરજીની પેરા નં.૧ થી ૪ ની હકીકતો ખરેખરી અને સાચી જણાવેલી છે. વધુમાં આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ તેમના પુર્વજોની મીલકત દરેક પક્ષકારોના હિસ્સામા આવતી મીલકતોનો કબજો સુપરત કરવા ઈન્કાર કરતા ના છુટકે આ કામના વાદીને હાલનો દાવો કરવાની જરૂર પડી છે. આ કામના પ્રતિવાદી નં.૨૭ ના સ્વ. પિતા ગુલામરસુલ ઉસ્માનમીયા શેખનો દાવા અરજીના પેરા–૪ અને ૫ માં વર્ણવેલી મીલકતોમાં ૧/૪ હિસ્સો હોય સદરહું હિસ્સો તેમના પિતાશ્રીએ તેમની હયાતીમાં તા.૦૧/૦૬/૨૦૦૦ના રોજ વાદીની તરફેણમાં વસીયતનામુ કરી આપેલુ છે જેમા આશીફખાન મોહંમહદખાન પઠાણ અને રવીકુમાર શ્રવણકુમાર જયસ્વાલનાઓએ સાક્ષી તરીકે સહીઓ કરેલી છે અને તેમા પ્રતિવાદી નં.૨૭ નાઓએ તેમની સ્વ. માતૃશ્રી સુગુરાબીબી તે ગુલામરસુલ ઉસ્માનમીયા શેખની વિધવાનાઓએ પણ પોતાના અંગુઠાનુ નિશાન કરી સદર વસીયતનામા દ્ધારા વાદીને આપવામાં આવેલ મીલકતો અંગે સંમતી આપેલ છે તેમ છતાં આ કામના પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓની બદદાનત થયેલ હોય અને તેમના સ્વ.

પિતાશ્રીનો હિસ્સો વાદીને આપવો ન પડે તેવી બદદાનતથી તેમના પિતાશ્રીના અવસાન બાદ તેમજ તેમના માતૃશ્રીના અવસાન બાદ બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ વાળી મીલકતોના પ્રથમ મજલોનો કબજો તેમની તથા વાદીની ગેરહાજરીમાં કરી લીધેલ છે. આમ વાદીના દાવાની હકીકત અને વાદીને દાવો કરવા માટેનુ કારણ જોતા વાદી દાવા અરજીના પેરા–૬ માં માંગ્યા મુજબની દાદ મેળવવા કાયદેસર રીતે હકકદાર છે જેથી વાદીને માંગ્યા મુજબની દાદ આપવા અને તે મુજબનુ હુકમનામુ કરી આપવા અરજ ગુજારેલ છે.

(૫) આ કામનાં પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓએ આંક–૨૪ થી વાદીની દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરીને વાદીના દાવાને પડકારેલ છે અને તેમની જવાબ હકીકતોમાં હાલના વાદીને આવા સ્વરૂપનો દાવો કરવાનો કોઈ કાયદેસર હકક કે અધિકાર નહીં હોવાનું જણાવીને વાદીના દાવામાં પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવાની વિશેષ તકરાર લીધેલ છે અને તેમની રજુઆત મુજબ વાદીના દાવામા પક્ષકારની ખામી નડે છે કારણ કે સદર દાવામાં હિત ધરાવતી વ્યકિત હનીફાબીબી જે ઉસ્માનમીયા ઉમરાવમીયાની દિકરી થાય છે તે ગુજરી ગયેલ છે અને તેના હિત ધરાવતા વારસદારોને સદર દાવામાં પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી તેથી સદર દાવામાં પક્ષકારની ખામી નડે છે. વધુમાં વાદીના દાવાના પેરા નં.૧ મા જણાવેલ હકીકત અંગે તેઓને માહીતી નથી પરંતુ તે અંગે તેમની કોઈ તકરાર નથી. વાદીના દાવાના પેરા નં.૨ માં જણાવેલ હકીકત અંગે પણ તેમની કોઈ તકરાર નથી. વાદીના દાવાના પેરા નં.૩ માં જણાવેલ હકીકત અંગે તેમની ખાસ તકરાર છે કારણ કે દાવાવાળી મીલકત જે અંગે વાદીએ વીલ કર્યાનું જણાવેલ તે મુળ મીલકત સ્વર્ગસ્થ ઉસ્માનમીયા ઉમરાવમીયા શેખની છે અને તેને સંતાનમાં ચાર દિકરાઓ રસુલમીયા ઉસ્માનમીયા, મહંમદયુસુફ ઉસ્માનમીયા, મહંમદયુનુસ ઉસ્માનમીયા, મહંમદ હુસેન ઉસ્માનમીયા છે અને તે તમામ સ્વર્ગસ્થ ઉસ્માનમીયા ઉમરાવમીયાની

મીલકતના સરખે હિસ્સો મળવાપાત્ર થાય પરંતુ સ્વર્ગસ્થ ગુલામરસુલ શેખ જે તેમના પિતાના મોટાભાઈ તેમને સંતાનમાં એક દિકરી એકલી હતી અને તેમના પત્ની સુગરાબીબીને આશરે સને ૧૯૬૫ મા મનમેળ ન હોવાથી તલ્લાક આપેલા અને ત્યારથી તે તેણીની દિકરી અસરફનબીબી સાથે તેણીના પિયરમાં રહેતી હતી અને ત્યારબાદ સ્વર્ગસ્થ ગુલામરસુલ તે તેમના પત્ની સાથે તેમજ તેણીની દિકરી સાથે કોઈપણ પ્રકારનો સબંધ હતો નહી કે તે તેમના પત્ની સુગરાબીબી તથા અસરફનબીબી સાથે કોઈ દિવસ રહેલા નહી તેથી આ કહેવાતુ વીલ જે તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજનુ થયેલ છે તેવુ વાદીએ તેમની દાવા અરજીના પેરા નં.૩ માં જણાવેલ છે તે હકીકત વાદીએ ખોટી જુઠી અને આ દાવો કરવા માટે ઉપજાવી કાઢેલ છે તેથી વાદીનુ સદર વીલ કાયદા મુજબની જરૂરીયાતો મુજબનુ ન હોય તે રદ થવા પાત્ર છે તદઉપરાંત સદર વીલમાં ઘણી બધી વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે તેથી તથા કહેવાતા વીલમા સહી કરનાર વ્યકિતઓ અંગેની સહીઓ અંગે પણ શંકા ઉપસ્થિત થાય છે અને તે સહીઓ જે તે વ્યકિતઓની છે નહી તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં આ કહેવાતા વીલનો ઉપયોગ આજદિન સુધી કોઈપણ સરકારી કચેરી જે અર્ધસરકારી કચેરીમાં થયેલ નથી તેથી સ્પષ્ટ જણાઈ આવે છે કે વાદી જે વીલની વાત કરે છે તે એક શંકાસ્પદ છે તેમજ સીટી સર્વેના રેકર્ડમાં બીજો અન્ય દસ્તાવેજ હકક કમી કર્યા અંગેના સોગંદનામુ જે સુગરાબીબી ગુલામરસુલનુ છે અને તેમા તેમને અંગુઠાનુ નીશાન કરેલ છે અને તે પણ તેણીની દિકરી અસરફનબીબી મુનીરખાન પઠાણ રુબરુ થયેલ છે તેવુ જણાવેલ છે આમ સદર વીલ કાયદા મુજબનું નથી અને શંકા ઉપસ્થિત થાય તેવુ છે તદઉપરાંત હકકકમી અંગેનુ સોગંદનામુ કાયદા મુજબનુ થઈ શકે નહી અને તેવુ સોગંદનામુ નોટરી કરી શકે પણ નહી પરંતુ હકક કમી કર્યા અંગુનુ રૂપિયા ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ રજીસ્ટર કરી સબરજીસ્ટ્રારમા નોંધાવવુ પડે જે પ્રક્રિયા ન કરતા માત્ર સોગંદનામુ કરવામાં આવેલ છે જે કાયદા મુજબ ટકી શકે નહી. આમ વાદી તરફથી રજુ થયેલા બંને દસ્તાવેજો શંકાસ્પદ છે અને ખોટા અને ઉપજાવી કાઢેલ છે તેથી તે આધારે દાવાવાળી મીલકતો તબદીલ થઈ શકે નહી.

વધુમાં વાદીના દાવાના પેરા નં.૪ માં જણાવેલી હકીકત સીટી સર્વે નં.૧૬૭૫ વાળી મીલકત રહેવાનું મકાન છે જેના ખુંટ ચારની વિગતો જણાવેલ છે તે અંગે તેમની તકરાર નથી પરંતુ પ્રતિવાદી નં.૧ મહંમદયુસુફ ઉસ્માનમીયા સીટી સર્વે નં.૧૬૭૫ વાળી મીલકતમા અડધો હિસ્સો ભોંયતળવાળો હાલ તેમના કબજામા છે તદઉપરાંત તે ઉપર આવેલ એક મજલો પણ તેમના કબજામાં છે અને તેમા પણ તેઓ તેમના કુટુંબકબીલા સાથે રહે છે અને કબજો ભોગવટો ધરાવે છે અને સીટી સર્વે નં.૧૬૭૬ વાળી મીલકતમા નીચે ભોયતળીયામાં મહંમદયુનુસ ઉસ્માનમીયા અને ઉપરના મજલે મહંમદહુસેન ઉસ્માનમીયા રહે છે. વધુમાં જણાવેલ છે કે, આ બંને સીટી સર્વેવાળી મીલકતમાં તેમના સીટી સર્વેના રેકર્ડમાં કોઈ ભાગ પડેલા નથી અને આ આખી બંને મીલકતો પણ વણવહેંચાયેલી અવસ્થામાં છે. વધુમાં વાદીના દાવાના પેરા નં.૪ માં જણાવેલી હકીકત ખેતીની જમીનો રેવન્યુ સર્વે નં.૨૬૨ થી ૨૭૪/૨ અને ૨૭૪/૩ અંગેની છે જે ખેતીની જમીનો પણ વણ વહેંચાયેલી છે.

(૬) વધુમાં પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓએ ખરી હકીકતે એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ થી ૧૭ સ્વર્ગસ્થ ઉસ્માનમીયા ઉમરાવમીયાના કાયદેસરના વારસદારો થાય છે અને તેમની સ્થાવર તેમજ જંગમ મીલકતમા તેમનો હકક મેળવવા કાયદેસર હકક ધરાવે છે તેથી દાવાવાળી મીકલતો જે વાદી કહે છે કે, વાદીઓએ તે મેળવવા માટે એક વીલ તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજનુ કરેલ છે તે વીલ આખુ ઉપજાવી કાઢેલ છે અને તેમાં હિત ધરાવતા કોઈપણ તેઓ પૈકી કોઈની પણ સહી લેવામાં આવેલ નહી અને તેઓની જાણ અને સંમતીવગર તેઓને અંધારામાં રાખીને આ કહેવાતુ વીલ કરેલ હોય તેવુ જણાઈ આવે છે કારણ કે આ વીલમાં કોઈ જગ્યાએ વીલ કરનારની સહી અને તેમની પત્ની અને દિકરીની સહી સિવાય બે સાક્ષીઓની સહી જે લેવામાં આવેલ છે તે પણ ઉપજાવી કાઢેલ છે અને તેની સંચોટતા અંગે શંકા ઉપસ્થિત થાય છે કારણ કે, જો આવુ વીલ કરવામાં આવેલ હોય તો આ વીલનો ઉપયોગ કોઈપણ સરકારી કે અર્ધસરકારી કચેરીમાં

દાવાવાળી મીલકતો ટ્રાન્સફર કરાવવા માટે રજુ કરવામાં આવેલ નથી તદઉપરાંત હકક કમી કર્યા અંગેનુ સોગંદનામુ સુગરાબીબી તે ગુલામરસુલ ઉસ્માનમીયા શેખની પત્નીનુ તા.૨૦/૦૩/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલુ અને તેમા પણ વીલમા જણાવેલ મીલકતો મુજબનુ લખાણ કરવામાં આવેલુ છે વધુમાં સુગરાબીબી ગુલામરસુલ ઉસ્માનમીયા શેખની પત્ની ઘણા બધા વર્ષોથી તેમના પતિ જોડે સબંધ જ ન હતો અને તે તલ્લાક લીધેલી હાલતમાં તેણીના પિતાના ઘરે જ રહેતી હતી અને તેણીની સાથે તેણીની દિકરી અશરફન પણ રહેતી હતી આમ સુગરાબીબીને તેણીના પતિની મીલકતમાં કોઈપણ પ્રકારનો હકક જતો કરવાનો હકક કે અધિકાર ન હતો કારણ કે તે તેણીના પતિ સાથે ઘણા બધા વર્ષો સુધી રહેલા નથી. આમ વાદી જે બંને દસ્તાવેજો ઉપર આધાર રાખે છે તે બંને દસ્તાવેજો ખોટા અને ઉપજાવી કાઢેલ છે તેથી વાદી દાવામાં જણાવેલ કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર નથી અને તેમને તેમની દાદમાં જણાવ્યા મુજબની વહેંચણી કરી આપી પ્રત્યક્ષ કબજો સુપ્રત કરી આપવાનું જણાવેલ છે તેવો કોઈપણ હુકમ કરવાની નામદાર કોર્ટને હકુમત નથી અને પ્રતિવાદી નં.૧ એ કબજે કરેલી મીલકત તેઓની કાયદેસર રીતે મેળવવા હકકદાર છે કારણ કે તેઓ સ્વર્ગસ્થ ઉસ્માનમીયા ઉમરાવમીયાના કાયદેસર વારસદાર છે તેથી વાદી તેમની દાવા અરજીમાં જણાવેલ દાદ (બ) પણ મેળવવા હકકદાર નથી જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

આ કામે વાદીએ આંક–૨૬ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરીને પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓના જવાબ હકીકતો ખોટી હોવાની જણાવીને નકારેલ છે.

(૭) વાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

## //મૌખીક પુરાવો//

| અનુક્રમ નં. | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | ઈબરાર અહેમદ મો.હુસેન શેખનુનુ પુરાવાનુ સોગંદનામુ | ૫૬ |
| ૨. | વાદીના સાહેદ આસીફખાન મહમદખાન પઠાણનુ પુરાવાનુ સોગંદનામુ | ૭૧ |

## //દસ્તાવેજી પુરાવો//

| અનુક્રમ નં. | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ વાળા મકાન મીકલતની પ્રોપર્ટીકાર્ડની સર્ટીફાઈડ નકલ | ૬૧ |
| ૨. | બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૬ વાળા મકાન મીકલતની પ્રોપર્ટીકાર્ડની સર્ટીફાઈડ નકલ | ૬૨ |
| ૩. | રેવન્યુ સર્વે નં.૨૪૪/૨ ની ૭/૧૨ ની સર્ટીફાઈડ નકલ | ૬૩ |
| ૪. | રેવન્યુ સર્વે નં.૨૪૪/૩ ની ૭/૧૨ ની સર્ટીફાઈડ નકલ | ૬૪ |
| ૫. | રેવન્યુ સર્વે નં.૨૬૨ ની સર્ટીફાઈડ નકલ | ૬૫ |
| ૬. | સ્વ. ગુલામ રસુલ ઉસ્માનમીયાનુ વસીયતનામુ અસલ | ૬૬ |

ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વાદીએ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૭૨ થી પુરાવાબંધની પુરસીસ આપી પોતાનો પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરેલ છે.

(૮) આ કામે પ્રતિવાદીઓ તરફે મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માટે પુરતી તક આપવા છતાં સદર કામે પ્રતિવાદીઓ તરફે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ ન કરતા વાદી તરફે આંક–૭૬ ની અરજી લગત હુકમ કરીને પ્રતિવાદીઓનો પુરાવાનો હકક તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજ બંધ કરવામાં આવેલ.

(૯) વાદીએ આંક–૮૧ થી લેખીત દલીલો રજુ કરેલ છે જેમાં વાદીએ પોતાની આંક–૦૧ થી રજુ દાવા અરજીની હકીકતો તથા પોતાના તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા મુજબની હકીકતો જણાવી પોતાની આંક–૦૧ થી રજુ દાવા અરજી મંજુર કરવા માટે અરજ ગુજારેલ છે.

જયારે પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓએ પોતાની મૌખીક દલીલમાં તેઓએ પોતાના તરફે આંક–૨૪ થી રજુ જવાબની હકીકતો મુજબની હકીકતો જણાવી વધુમાં જણાવેલ છે કે, દાવાવાળી મીલકત સંયુકત મીલકત છે. વધુમાં આંક–૫૬ થી વાદીએ પુરાવાનુ સોગંદનામુ કરેલ છે અને તેના લગત ઉલટતપાસમાં વાદીએ અમુક હકીકતો કબુલ કરેલ છે. પ્રતિવાદીઓનો હકક હિસ્સો મીલકતોમાં હોવાનુ સ્વીકારે છે પ્રતિવાદી સહમાલીક છે. તેઓને વાદીની પ્રથમ દાદ સામે વાંધો નથી પરંતુ બીજી દાદ દરમ્યાન ઉપજની માંગણી કરેલ છે તેની સામે વાંધો છે. વાદી તરફે રજુ કરવામાં આવેલ વીલ રજીસ્ટર કે નોટેરાઈઝ નથી. વધુમાં વાદીએ તેમના પિતાએ ગીરો છોડાવેલ હોવા બાબતનો કોઈ દસ્તાવેજ રજુ કરેલ નથી કે ૭/૧૨ની ગીરો છોડાવ્યા અંગેની કોઈ નોંધ રજુ કરેલ નથી. વધુમાં વાદી તરફે વીલમાં પણ આવી કોઈ વિગતો જણાવેલી નથી. વધુમાં વાદી તરફે કોના ભાગે કેટલી જમીન આવેલ છે તેનો કોઈ ઉલ્લેખ નથી તથા વીલમાં પણ આ બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં વીલ કોણે કરેલુ કોની સહી છે તેની તેઓને ખબર નથી. વધુમા વાદીએ પ્રતિવાદીને કોઈ નોટીસ આપેલ નથી. વાદી જે બે હકકની જે વાત કરે છે તેની સામે તેઓને તકરાર છે. વધુમાં વાદી તરફે તપાસેલા આંક–૭૧ થી સાહેદની ઉલટતપાસમાં વીલ કરનાર સ્વતંત્ર માલીકીની એક કબજા ભોગવટાની નથી તથા વડીલોપાર્જીત મીલકતો સ્વીકારેલ છે તેમજ વીલ રજીસ્ટર થયેલ નથી. વધુમાં વીલ રજીસ્ટર્ડ નથી કાયદેસર કોઈ વેલ્યુ નથી આમ જણાવી વાદીની દાવા અરજી રદ કરવા માટે અરજ ગુજારેલ છે.

(૧૦) ઉપરોકત હકીકતે મારા પુરોગામી વિ.ન્યાયધીશશ્રી ધ્વારા તા.૧૪/૦૭/૨૦૨૧ ના રોજ આંક–૪૪ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે–

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૨૩ તેમની માતા છે તથા પ્રતિવાદી નં.૨૪ થી ૨૬ વાદીના સગા ભાઈઓ તથા બહેન છે તથા પ્રતિવાદી નં.૧ થી ૨૨ વાદીના સગા કાકાશ્રી મો. યુનુસ ઉસ્માનમીયા શેખના કાયદેસરના વારસો છે તથા પ્રતિવાદી નં. ૨૭ તથા ૨૮ વાદીના સગા કાકા સ્વ. ગુલામ રસુલ ઉસ્માનમીયા શેખના કાયદેસરના વારસો છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, વાદી તથા પ્રતિવાદીઓના પુર્વજ સ્વ. ઉસ્માનમીયા ઉમરામીયા શેખ કરીને હતા અને તેઓ તેમના અવસાન બાદ બાલાસિનોરના ટીમ્બા મહોલ્લા વિસ્તારમાં બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ અને ૧૬૭૬ વાળી મકાન મીલકતો તથા બાલાસિનોર કસ્બાની સીમમાં રેવન્યુ સર્વે નં.૨૪૪/૨ તથા ૨૪૪/૩ તથા રેવન્યુ સર્વે નં.૨૬૨ વાળી ખેતી જમીનો મુકી ગયેલા છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, વાદીના સ્વ. કાકાશ્રી ગુલામરસુલ તેમના સ્વ. દાદાશ્રીની મીલકતો પરત્વેનો તેમનો જમીન તથા મકાનમાંનો હીસ્સો વાદીની તરફેણમાં તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજ એક વસીયતનામાથી તેમના કાયદેસર ના સંતાનોની સંમતીથી વાદીને આપી દીધેલ છે?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયા શેખની મીલકતોના વાદી તથા પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓનો અડધો અડધ હિસ્સાના માલીક થયેલા છે?

(૫) શું પ્રતિવાદી નં.૧ થી ૧૭ પુરવાર કરે છે કે, તેઓ સ્વ. ઉસ્માનમીયા ઉમરાવમીયાના કાયદેસરના વારસદારો છે અને તેમની સ્થાવર તેમજ જંગમ મીલકતના હકક મેળવવા કાયદેસર હકક ધરાવે છે?

(૬) શું વાદી દાવા અરજીના પેરા નં.૬ મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ અને હુકમનામુ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) અંશતઃ હકારમાં

(૫) હકારમાં

(૬) અંશતઃ હકારમાં

(૭) આખરી હુકમ મુંજબ.

**-: નિર્ણય માટેનાં કારણો : -**

**મુદ્દા નં.૧,૨, ૫ ની સંયુક્ત ચર્ચા :-**

**(૧૨)** સદરહું ત્રણેય મુદ્દાઓની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોય એકની એક હકીકતનુ પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે. સદર મુદાઓ અન્વયે જોઇએ તો બંને પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. આમ, સદર દાવાકામે દાવાઅરજી, પ્રતિવાદીઓનો જવાબ તેમજ રજુ પુરાવો ધ્યાને લેતાં હાલના વાદી અને પ્રતિવાદીઓ ના વડીલ સ્વ. ઉસ્માનમીયાં ઉમરાવમીંયા શેખ હતા અને હાલના પક્ષકારો તેમના કાયદેસરના વારસ છે. સ્વ. ઉસ્માનમીયાં ઉમરાવમીંયા શેખ

ના ચાર દિકરા અને પાંચ દિકરીઓ હતી જેમાં વાદી અને પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓ તેમના દિકરા મહમંદ હુસેન ઉસ્માનમીંયાના પત્ની અને સંતાનો છે. જ્યારે પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ તેમના સ્વ. દિકરા મહમંદ યુસુફ ઉસ્માનમીંયાના કાયદેસરના વારસ છે અને પ્રતિવાદી નં.૧૮ નામે મો. યુનુસ નાઓ સ્વ.ઉસ્માનમીંયાના પુત્ર છે અને પ્રતિવાદી નં.૨૭ અને ૨૮ નાઓ સ્વ. ઉસ્માનમીયાં ઉમરાવમીંયા શેખ ના પુત્ર સ્વ.ગુલામ રસુલ ઉસ્માનમીંયા ના પુત્રી અને પત્ની છે. એવી જ રીતે પ્રતિવાદી નં.૧૯ થી ૨૨ અને પ્રતિવાદી નં.૨૯ થી ૩૩ નાઓ સ્વ. સ્વ. ઉસ્માનમીયાં ઉમરાવમીંયા શેખ નાઓની દિકરીઓ તેમજ તેમની ગુજરનાર દીકરી હનીફાબેનના કાયદેસરના વારસો છે. મુદ્દા નં.૧ ની હકીકતો દાવાઅરજીની હકીકતો આધારે ઉમેરવામાં આવેલ હતી જેમાં પ્રિન્ટીંગ મિસ્ટેકના લીધે પ્રતિવાદી નં.૧ થી ૨૨ વાદીના સ્વ.કાકા મો. યુનુસ ઉસ્માનમીંયા શેખના કાયદેસરના વારસો હોવાનું લખાઇ ગયેલ હોવાનું જણાય છે પરન્તુ ખરેખર પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ વાદીના સ્વ.કાકા મો. યુસુફ ઉસ્માનમીંયા શેખના કાયદેસરના વારસો છે જે હકીકતો વિષે પ્રતિવાદી તરફથી કોઇ વાંધો લેવામાં આવેલ નથી જેથી સદર હકીકત બાબતે પણ કોઇ તકરાર નથી.

(૧૩) એવી જ રીતે પક્ષકારોના વડા સ્વ. ઉસ્માનમીયા ઉમરામીયા શેખ નાઓ તેમના અવસાન બાદ બાલાસિનોરના ટીમ્બા મહોલ્લા વિસ્તારમાં બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ અને ૧૬૭૬ વાળી મકાન મીલકતો તથા બાલાસિનોર કસ્બાની સીમમાં રેવન્યુ સર્વે નં.૨૪૪/૨ તથા ૨૪૪/૩ તથા રેવન્યુ સર્વે નં.૨૬૨ વાળી ખેતી જમીનો મુકી ગયેલ હોવાની હકીકતો પણ સ્વીકૃત અને બિનતકરારી છે. વધુમાં હાલના પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ સ્વ.ઉસ્માનમીંયા ઉમરાવમીંયાના કાયદેસરના વારસદારો હોય તેમની સ્થાવર તેમજ જંગમ મિલકતમાં હકક મેળવવા કાયદેસર રીતે હકકદાર બને છે

જે હકીકત પણ સ્વીકૃત અને બિનતકરારી છે, જેથી સદર **મુદા નં.૧,૨** અને **૫** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૩ ની ચર્ચા :–**

**(૧૪)** આ કામે વાદીની રજુઆત મુજબ તેમના સ્વ.કાકા ગુલામરસુલ તેમના સ્વ.દાદાશ્રીની મિલકતો પરત્વેનો તેમનો જમીન તથા મકાનમાંનો હીસ્સો વાદીની તરફેણમાં તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજ એક વસીયતનામાંથી તેમના કાયદેસરના સંતાનોની સંમતીથી વાદીને આપી દીધેલ છે. સદર રજુઆત સંદર્ભે વાદીએ આંક–૬૬ (ટેન્ટેટીવ) થી વિલ યાને વસીયતનામું અસલ રજુ કરેલ છે જે વંચાણે લેતાં તેમાં વાદીના ગુજરનાર કાકા સ્વ. ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખ નાઓએ તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજ પોતાની સ્વેચ્છાએ સદર વસીયતનામું બે સાક્ષીઓ રૂબરૂ તથા પોતાની પત્ની અને દિકરીની હાજરીમાં સહી કરી સદર દાવાવાળી મિલકતો પરત્વેનો પોતાનું તમામ હકક હિસ્સો આ કામના વાદીના નામે વસીયતથી કરી આપેલ હોવાનું જણાય છે. વધુમાં સદર વસીયતનામાંની હકીકતો મુજબ ગુજરનાર સ્વ.ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખના વિસ્તારમાં એક દીકરી નામે અશરફન (પ્રતિવાદી નં.૨૭) જે પરિણીત હોવાનું તેમજ તેમની જીવીત પત્ની (પ્રતિવાદી નં.૨૮) હોવાનું જણાવેલ છે અને પત્ની સાથે તેમને મતભેદ હોઇ તેઓ અલગ પિયરમાં રહેતી હોવાનું અને સંતાનમાં દીકરો નહીં હોવાનું ઉલ્લેખ છે. વધુમાં સદર વસીયતનામાંમા બે સાક્ષીઓની તેમજ સ્વ.ગુલામ રસુલ ઉસ્માનમીંયાની પોતાની સહી તેમજ તેમની દીકરી અને પત્ની ની સહી અને અંગુઠા સંમતિમાં હોવાનું જણાય છે. સદર વસીયતનામાંની કાયદેસરતા અને યથાર્થતા બાબતે પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓએ તકરાર લીધેલ છે જેથી સદર વસીયતનામાંને પુરવાર કરવાની શરતે ટેન્ટેટીવ આંક–૬૬ આપવામાં આવેલ હતો.

(૧૫) પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓની પ્રથમ તકરાર મુજબ સદર વીલમાં વીલ કરનારની સહી તથા તેમની પત્ની અને દિકરીની સહી સિવાય બે સાક્ષીઓની સહી જે લેવામાં આવેલ છે તે ઉપજાવી કાઢેલ છે કારણ કે તે વિલનો કોઈપણ સરકારી કે અર્ધસરકારી કચેરીમાં દાવાવાળી મિલકતો ટ્રાન્સફર કરાવવા માટે ઉપયોગ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી નં.૧ થી ૧૭ ની તકરાર સંદર્ભે જોઈએ તો આ કામે વસિયત કરનારની પત્ની સુગરાબીબી એટલે કે પ્રતિવાદી નં.૨૮ અવસાન પામેલ છે જ્યારે તેમની દીકરી નામે અશરફનબીબી (પ્રતિવાદી નં.૨૭) નાઓએ પ્રતિવાદી નં.૨૭ નાઓએ આંક-૧૯ થી સંયુકત રીતે દાવા જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ તેમના પિતાએ વસીયતમાં જણાવેલ તારીખ ૦૧/૦૬/૨૦૦૦ ના રોજ તેમની તથા બે સાક્ષીઓની અને તેમની માતાની હાજરીમાં વસીયતમાં પોતે સહી કરી દાવાવાળી મિલકતોમાં પોતાનું હકક હિસ્સો આ કામના વાદીના નામે લખી આપેલ હોવાનું જણાવેલ છે અને સદર વસીયતમાં તેમને પોતે તથા તેમની સ્વ.માતાએ સહી અને અંગુઠો કરી સંમતી આપેલ હોવાનું સ્વીકારેલ છે. આ સિવાય વાદીએ આંક-૭૧ થી સદર વસીયતનામાંના સાક્ષી રહેલ આસીફખાન મહમદખાનને કોર્ટ સમક્ષ તપાસેલ છે જેઓએ પણ પોતાના પુરાવા સોગંધનામામાં વસિયત કરનારે તેમની તથા બીજા સાક્ષી રવિકુમાર શ્રવણકુમાર જયસ્વાલની હાજરીમાં વસીયતમાં સહી કરેલ હોવાનું તેમજ તેમની દીકરી અને પત્નીએ પણ તેમની તેમની હાજરીમાં સહી અને અંગુઠો કરી વસીયતમાં સંમતિ આપેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની ઉલટતપાસમાં પણ કોઈ વિરૂધ્ધની શંકા જાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર હકીકતોના વિરૂધ્ધમાં પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓએ કોઈપણ જાતનું વિરોધાભાષી પુરાવો રજુ કરીને પડકારેલ નથી અને વાદી સદર વસિયતનામામાં વસિયત કરનારની તેમજ સાક્ષીઓની રૂબરૂમાં સહીઓ હોવાનું યોગ્ય પુરાવાથી પુરવાર કરેલ છે અને પ્રતિવાદી નં.૨૭ નાઓએ પોતાના દાવા જવાબથી સદર હકીકતોને સ્વીકારેલ છે જેથી વસીયતમાં સહીઓ ખોટી હોવા સંબંધેની પ્રતિવાદી નં.૧ થી ૧૭ ની તકરાર ટકવાપાત્ર રહેતી નથી અને સદર વસિયતનું

ઉપયોગ સરકારી–અર્ધસરકારી કચેરીઓમાં ઉપયોગ નહીં હોવાના કારણમાત્રથી સદર વસિયત ઉપર શંકા જાય તેવા કોઇ કારણ જણાઇ આવતા નથી જેથી સદર વસીયતનામું પુરવાર ગણી તેને પાકો આંક–૬૬ આપવામાં આવે છે.

**(૧૬)** આ વસીયતનામાં વિષે પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓ તરફથી બીજી એવી તકરાર લેવામાં આવેલ છે કે સદર વસીયતમાં તેઓની કોઇ સહી કે સંમતિ લેવામાં આવેલ નથી. સદર તકરાર અન્વયે જોઇએ તો વસીયતકરનાર ના વસિયત વખતે હયાત વારસોમાં ફકત તેમના પત્ની અને દીકરી હતા જેઓએ સદર વસીયતમાં પોત–પોતાની સંમતિ આપેલ છે અને વસિયત કરનારે ફકત પોતાના ભાગે આવતો હકક–હિસ્સા પુરતો જ વસિયત વાદીના નામે કરી આપેલ છે જયારે હાલના પ્રતિવાદી નં.૧ થી ૧૭ તેમના હકક હિસ્સા પુરતા સીધી લીટીના વારસદાર ના હોય વસીયતમાં તેઓની સહી અથવા સંમતિની જરૂરીયાત રહેતી નથી જેથી પ્રતિવાદી નં.૧ થી ૧૭ ની સદર તકરાર ગેરજરૂરી અને અસ્થાને હોય ટકવાપાત્ર રહેતી નથી.

**(૧૭)** આ સિવાય પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓના વિ.વ.શ્રી એ દલીલ દરમ્યાન એવી રજુઆત કરેલ હતી કે સદર વિલ કોઇ સ્ટામ્પ પેપર ઉપર કરવામાં આવેલ નથી અને કોઈ નોટરી રૂબરૂ પણ નોટેરાઇઝ થયેલ નથી અને સદર વિલ રજીસ્ટર્ડ પણ નથી જેથી સદર વીલ કાયદા મુજબની જરૂરીયાતો મુજબનું ન હોઇ તે રદ થવા પાત્ર છે. સદર તકરાર વિષે જોઇએ તો ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ–૧૯૨૫ ની જોગવાઇઓ મુજબ વસીયત કાનૂની દસ્તાવેજ હોય છે છતાં પણ તેમાં નિયત ફોર્મેટની આવી કોઈ કડક આવશ્યકતા નથી. વસીયતનું લખાણ સાદા કાગળ પર પણ નોંધણી વગર કરી શકાય છે અથવા તો હસ્તલિખિત દસ્તાવેજને પણ વસિયત તરીકે ઓળખવામાં આવે છે. મુસ્લિમ કાયદામાં પણ વસીયત બનાવવા માટે કોઈ ચોક્કસ ઔપચારિકતાની જરૂર નથી. તે લેખિત અથવા મૌખિક અથવા હાવભાવ દ્વારા પણ કરી શકાય છે. તે

લેખિતમાં હોવા છતાં, તેના પર વસિયતનામું કરનાર દ્વારા સહી કરવાની અને સાક્ષીઓ દ્વારા પ્રમાણિત કરવાની પણ જરૂર નથી. તે ઉપરાન્ત રજીસ્ટ્રેશન એક્ટ–૧૯૦૮ ની કલમ–૧૮(ઇ) ની જોગવાઇ મુજબ પણ વસીયતનામું રજીસ્ટર્ડ કરવો ફરજીયાત નથી. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઇઓ આધિન પ્રતિવાદી નં.૧ થી ૧૭ નાઓની સદર તકરાર પણ ટકવાપાત્ર રહેતી નથી.

(૧૮) આ સિવાય પ્રતિવાદી નં.૧ થી ૧૭ ના વિ.વ.શ્રીએ દલીલ દરમ્યાન એવી તકરાર લીધેલ છે કે, ગુજ. ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખે દાવાવાળી મિલ્કતો પૈકી પોતાના ભાગે અને હિસ્સે આવતી મિલકતોનું ૧/૩ કરતા વધુ મિલ્કતનું વીલ કરેલ હોય જેથી સદરહું વીલ મુસ્લીમ કાનુન મુજબ ગેરકાયદેસર તથા રદબાતલ છે. પ્રતિવાદીઓની સદર તકરાર વિશે જોઇએ તો મુસ્લીમ કાયદા મુજબ સ્વપાર્જિત કે વડીલોપાર્જીત મિલક્ત એવા ભાગ પાડેલા નથી એટલે કે મિલકત એકજ પ્રકારની મિલકત ગણી શકાય અને વસિયત કર્તાના મૃત્યુ બાદ અમલી બને તેવો મિલકત આપવાનો સ્પષ્ટ અને અલગ ઈરાદો વર્ણવે તે રીતે પોતાની મિલ્કતની ૧/૩ મિલ્કતથી વધુ મિલ્કતનું વીલ કોઇ વ્યકિતને આપી શકે નહીં તેવું મુસ્લીમ કાયદામાં પ્રસ્થાપિત સિધ્દાંત છે પરન્તુ જ્યારે વસિયત કર્તાએ ૧/૩ થી વધુ મિલકતનું વીલ બનાવ્યુ હોય તો કેટલાક ખાસ સંજોગોને આધિન તેવું વીલ અમલી બની શકે. ખાસ સજોગોમાં જ્યારે મૃત્યુ સમયે વસિયત કર્તાના વારસો ૧/૩ થી વધુ મિલ્કતના ઉત્તરદાનને મંજૂરી આપે કે વસીયતકર્તાને વારસો જ ન હોય તેવા સંજોગોમાં ત્રાહિત વ્યક્તિને મુસ્લીમ કર્તા ૧/૩ થી વધુ મિલકત વસીયતથી આપી શકે. સદર વીલમાં ગુજ. ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખ નાઓએ દાવાવાળી મિલકતોમાં તેમના હકક અને ભાગે આવતી પોતાની તમામ મિલક્ત વાદીને લખી આપેલ હોવાનું જણાવેલ છે અને તેમાં ગુજ.ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખના પત્ની અને એકમાત્રે પુત્રી (પ્રતિવાદી નં.૨૮ અને ૨૭) નાઓએ સંમતિમાં અંગુઠો અને સહીઓ કરેલા છે અને સદર હકીકત તેઓએ પોતાના આંક–૧૯

થી રજુ દાવાજવાબમાં પણ સ્વીકારેલ છે. જેથી સ્વ. ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખ નાઓના વારસો તેઓના પિતા/પતિએ કરેલ વીલથી સંપુર્ણ માહીતગાર હતા અને તેઓએ પણ સદર વસિયતમાં સંમતિ આપેલ હોવાનું પુરવાર થાય છે જેથી પ્રતિવાદી નં.૧ થી ૧૭ તરફે લીધેલો આ બચાવ પણ યોગ્ય જણાતો નથી. આમ, ઉપરોક્ત ચર્ચા આધારે આ કામે વાદી સદર મુદ્દાની હકીકતો આવશ્યક પુરાવાથી પુરવાર કરવામાં સફળ નિવડેલ હોય **મુદ્દા નં.૩** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૪ ની ચર્ચા :-**

(૧૯) આ કામે વાદીની રજુઆત મુજબ તેમની તરફેણમાં તેમના કાકા ગુજ. ગુલામ રસુલ ઉસ્માનમીંયા શેખ નાઓએ પોતાનું હિસ્સા પુરતી વસિયત કરી આપેલ હોવાથી સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખની મિલકતોના વાદી તથા પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓ અડધોઅડધ હીસ્સાના માલિક થયેલા છે. સદર મુદ્દા અન્વયે જોઇએ તો પક્ષકારોની સ્વીકૃત હકીકતો મુજબ વાદીના વડીલ સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ નાઓની સંતાનોમાં ચાર દિકરા અને પાંચ દિકરીઓ હતી જેથી મુસ્લીમ કાયદા મુજબ આ તમામ બીનવસીયત ગુજરનારની મિલકતોમાં હકક હિસ્સો મેળવવા હકકદાર બને છે અને મુસ્લીમ કાયદા મુજબ સૌ પ્રથમ શેરર્સ (Sharers) નો ભાગ નક્કી થાય છે અને ત્યારબાદ રેસીડ્યુઅરી (Residuary) અને ત્યારબાદ ડીસ્ટન્ટ કીન્ડરેડ (Distant kindred) નો ભાગ નક્કી થાય છે. વધુમાં મુસ્લીમ કાયદાની જોગવાઇઓ મુજબ જ્યારે પુત્ર અને પુત્રી સંતાન વારસ તરીકે હોય ત્યારે હીસ્સો તેવી રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને પુત્રને બમણો હીસ્સો મળી શકે. હાલના દાવામાં વાદીએ તેમના વડીલ સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખની મિલકતોમાં તેમની પાંચ પુત્રીઓના હકક હિસ્સા વિશે કોઇ વાત કરેલ નથી અને માત્ર ચાર પુત્ર સંતાનોના હિસ્સાઓ ગણીને પોતાના ભાગે અડધો હિસ્સો આવતો હોવાની રજુઆત કરેલ છે. પરન્તુ સદર બાબતે વાદીના વડીલ સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ નાઓની

પાંચ દિકરીઓએ તેમની મિલકતોમાંથી હકક હિસ્સો પોતાના ભાઇઓની તરફેણમાં જતો કરેલ હોય તેવો કોઇ આધાર પુરાવો સદર કામે રજુ થયેલ નથી અને તેમની પુત્રીઓનો આંક–૧૯ થી રજુ દાવા જવાબમાં પણ તેઓએ પોતાનું હકક હિસ્સો જતો કરેલ હોય તેવી કોઇ વિગત જણાઇ આવતી નથી, જેથી તે સંજોગોમાં સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ નાઓની તમામ મિલક્તોમાં તેમના ચાર દિકરાઓ સાથે સાથે તેમની પાંચ દિકરીઓના પણ હકક હિસ્સાની ગણતરી કરવાની રહે છે. જેથી મુસ્લીમ કાયદા પ્રમાણે હાલના દાવામાં વડીલ સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના ચાર પુત્રો તથા પાંચ પુત્રીઓ હોય જેથી તેમની મિલકતોમાં દરેક પુત્રને ૨/૧૩ નો ભાગ તથા દરેક પુત્રીને ૧/૧૩ નો ભાગ મળવાપાત્ર બને છે. હાલના વાદીની તરફેણમાં તેમના કાકા સ્વ.ગુલામ રસુલ ઉસ્માનમીંયાએ વસીયતથી પોતાનુ હકક હિસ્સો આપેલ હોય તે સંજોગોમાં હાલના વાદી અને પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓને સંયુક્ત રીતે ૪/૧૩ મો ભાગ મળવાપાત્ર છે. જેથી સદર ચર્ચા ના આધારે આ કામના વાદી અને પ્રતિવાદી નં.૨૩ થી ૨૬ નાઓ તેમના વડીલ સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખની મિલકતોમાં અડધો હિસ્સો નહીં પરન્તુ સંયુક્ત રીતે ૪/૧૩ મોં હિસ્સો મેળવવા હકકદાર બને છે જેથી **મુદ્ધા નં.૪** નો જવાબ **અંશતઃ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૬ અને ૭ ની ચર્ચા :–**

(૨૦) હવે સદર દાવામાં વાદીએ માંગેલ દાદ વિશે જોઇએ તો પ્રથમ દાદમાં તેઓએ દાવાવાળી તમામ મિલકતોમાં તેઓની વચ્ચે મુસ્લીમ કાનુન હેઠળ નિયત થયેલા હિસ્સા અનુસાર તેમજ મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમની જોગવાઇઓ પ્રમામે વહેંચણી કરી આપી પ્રત્યક્ષ કબ્જે સુપ્રત કરવા માંગણી કરેલ છે. જે દાદ અન્વયે જોઇએ તો આ કામે વાદીએ આંક–૬૧ થી ૬૫ સુધીમાં ગુજ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ નાઓની મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડ અને રેવેન્યુ રેકર્ડની પ્રમાણિત નકલો રજુ કરેલ છે જે બાબતે

બને પક્ષો વચ્ચે કોઇ તકરાર નથી અને તે મિલકતો હાલની પરિસ્થિતિએ દાવાના પક્ષકારોની નામે ચાલતી હોવાનું ફલિત થાય છે. પરન્તુ આ કામે વાદીએ રજુ કરેલ આંક–૬૪ થી રેવન્યુ સર્વે નંબર ૨૪૪–૩ નો ગામ નમૂનો નં.૭ વંચાણે લેતાં તેમાં દાવાના પક્ષકારો સિવાય કાલુમીંયા મહમંદભાઇ, સત્તારભાઇ મહમંદભાઇ, ઉસ્માનભાઇ મહંમદભાઇ અને હબીબભાઇ મહંમદભાઇ નાઓના નામોનું પણ ઉલ્લેખ છે જે બાબતે વાદીએ કોઇ સ્પષ્ટતા કે ખુલાસો કરેલ નથી કે સદર દાવા કામે તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી જેથી સદર વ્યક્તિઓ હાલના પક્ષકારો અને સદર મિલકત સાથે શું અને કેવી રીતે હકક ધરાવે છે તે નક્કી કરી શકાય નહીં અને તેઓની ગેરહાજરીમાં વાદી સદર દાવાવાળી મિલકત રે.સ.નં.૨૪૪–૩ માં વહેંચણી કરાવવા હકકદાર રહેતા નથી. તે સિવાય બાકીની મિલકતોમાં વાદી પોતાના હકક હિસ્સા મુજબ વહેંચણી કરાવવા અધિકૃત બને છે.

**(૨૧)** આ સિવાય વાદીએ દાવાઅરજીમાં બીજી દાદમાં બાલાસિનોર સીટી સર્વે નં.૧૬૭૫ વાળી મિલકતના પ્રથમ મજલામાં આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ ગેરકાયદેસર કબ્જો કરી લીધેલ હોય હાલના દાવાના આખરી નિકાલ થતાં સુધી દરમ્યાન ઊપજ અપાવવાની માંગણી કરેલ છે. જે સંદર્ભમાં જોઇએ તો સદર મિલકત વડીલોપાર્જિત સંયુક્ત મિલકત છે જેથી એક વારસના કબ્જા ભોગવટામાં હોવામાત્ર થી બીજો વારસ તેમા દાવા દરમ્યાન ઊપજ મેળવવા હકકદાર બની જતો નથી. વધુમાં સદર કામે પ્રતિવાદી નં.૧ ક્યારથી સદર મિલકતના કબ્જા ભોગવટામાં છે અને તેઓએ પોતાના અંગત વપરાશ સિવાય પણ વાણિજ્યિક રીતે કોઇ લાભ મેળવેલ છે કે કેમ તે બાબતોનો કોઇ ખુલાસો કે પુરાવો વાદી રજુ કરી શકેલ નહીં જેથી તે સંજોગોમાં વાદી સદર દાદ મેળવવા હકકદાર રહેતા નથી. આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે આ કામના વાદી દાવાવાળી મિલકતો પૈકી રે.સ.નં.૨૪૪/૩ સિવાયની બાકીની દાવાવાળી મિલકતોમાં મુદ્દા નં.૪ માં નક્કી કર્યા મુજબનું હકક હિસ્સો મેળવવા અને તે સબબ

વહેંચણી કરાવવા હકકદાર બનતા હોય **મુદ્દા નં.૬** નો જવાબ **અંશતઃ હકારમાં** આપી **મુદ્દા નં.૭** અન્વયે ન્યાયના હિતમાં **નીચે મુજબનું હુકમ** કરવામાં આવે છે–

**–: હુકમ :–**

(૧) વાદીનો દાવો આથી '' અંશતઃ મંજુર'' કરવામાં આવે છે.

(૨) બાલાસિનોરના ટિમ્બા મહોલ્લા વિસ્તારમાં આવેલ બાલાસિનોર સીટી સર્વે નંબર ૧૬૭૫ અને ૧૬૭૬ વાળી મકાન મિલકતો તથા બાલાસિનોર કસ્બાની સીમમાં આવેલ ખેતી જમીનો રે.સર્વે નં.૨૪૪/૨ તથા રે.સર્વે નં.૨૬૨ વાળી દાવાવાળી મિલકતો (રે.સર્વે નં.૨૪૪/૩ સિવાય) માં દાવાના પક્ષકારોનું નીચે મુજબનો હકક હિસ્સો નક્કી કરવામાં આવે છે–

| દાવાના પક્ષકાર | સંબંધ | હિસ્સો | ટકાવારી |
|---|---|---|---|
| વાદી તથા પ્રતિવાદી નં.૨૩ થી ૨૬.(સંયુક્ત રીતે) | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્ર મં.હુસેન ના વારસો. | ૪/૧૩ | ૩૦.૭૭% |
| પ્રતિવાદી નં.૧ થી ૧૭.(સંયુક્ત રીતે) | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્ર મં.યુસુફ ના વારસો. | ૨/૧૩ | ૧૫.૩૯% |
| પ્રતિવાદી નં.૧૮ | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્ર. | ૨/૧૩ | ૧૫.૩૯% |
| પ્રતિવાદી નં.૧૯ | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્રી. | ૧/૧૩ | ૭.૬૯% |
| પ્રતિવાદી નં.૨૦ | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્રી. | ૧/૧૩ | ૭.૬૯% |
| પ્રતિવાદી નં.૨૧ | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્રી. | ૧/૧૩ | ૭.૬૯% |
| પ્રતિવાદી નં.૨૨ | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્રી. | ૧/૧૩ | ૭.૬૯% |
| પ્રતિવાદી નં.૨૯ થી ૩૩ (સંયુક્ત રીતે) | સ્વ. ઉસ્માનમીંયા ઉમરાવમીંયા શેખ ના પુત્રી સ્વ.હનીફાબીબી ના વારસો. | ૧/૧૩ | ૭.૬૯% |

(૩) બાલાસિનોર કસ્બાની સીમમાં આવેલ ખેતી જમીનો રે.સર્વે નં.૨૪૪/૨ તથા રે.સર્વે નં.૨૬૨ વાળી દાવાવાળી મિલકતો સરકારશ્રીને રેવેન્યુપાત્ર ખેતીની જમીનો હોય સી.પી.સી.ની કલમ–૫૪ તેમજ ઓર્ડર–૨૦ રૂલ–૧૮(૧) તે અંગેની વહેંચણી અને

હકક જુદા પાડવાની સત્તા નામ. જિલ્લા કલેક્ટરશ્રીની હોય આ કોર્ટની રજીસ્ટ્રીને હુકમ કરવામાં આવે છે કે, તેઓએ હુકમનામાની એક નકલ જિલ્લા કલેક્ટરશ્રી, મહીસાગર મુ.લુણાવાડા નાઓને ઉપરોક્ત કાયદા, નિયમ અને રૂલ્સ અનુસારની વહેંચણીની આગળની કાર્યવાહી કરવા સારૂ મોકલી આપવો.

(૪) માનનીય જિલ્લા કલેક્ટરશ્રીએ અથવા માનનીય જિલ્લા કલેક્ટરશ્રીના તાબાના જે કોઈ રાજપત્રિત અધિકારીને આ અર્થે માન. જિલ્લા કલેક્ટરશ્રીએ સત્તા સોંપે તેણે સદર હુકમ મુજબ તથા સીવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર–૨૦ રૂલ્સ–૧૮(૧) તથા કલમ–૫૪ ની જોગવાઈને અનુસરી નિયમાનુસાર ફી વસુલીને બાલાસિનોર કસ્બાની સીમમાં આવેલ ખેતી જમીનો રે.સર્વે નં.૨૪૪/૨ તથા રે.સર્વે નં.૨૬૨ વાળી દાવાવાળી મિલકતોની ઉપરોકત નક્કી કર્યા મુજબના હિસ્સા પ્રમાણેનું હદ માપણી અને હિસ્સાઓનું વિભાજન કરી તેનો સ્વતંત્ર કબ્જો સંબંધિત પક્ષકારોને સોંપવો તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં માનનીય જિલ્લા કલેક્ટરશ્રીએ અથવા તેઓના તાબાના અધિકૃત અધિકારીએ આ હુકમની સ્થળ ઉપર અમલવારી કરી જે તે પક્ષકારો પાસેથી તેની કબ્જા પાવતી મેળવી જરૂરી રોજકામ કરી પક્ષકારોના હિસ્સા મુજબની રેવેન્યુ રેકર્ડમાં નોંધ કરી તે અંગેનો રીપોર્ટ તેના સંબંધિત કાગળો સાથે અત્રેની અદાલતમાં યાદી મલ્યેથી દિન–૯૦ માં મોકલી આપવો તેવો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમની અમલવારી માટે માનનીય જિલ્લા રેવન્યુ ઓથોરીટી (કલેક્ટરશ્રી), મહીસાગર મુ.લુણાવાડા ને આ હુકમની એક સર્ટીફાઇડ નકલ યાદી સાથે મોકલવી.

(૭) આ સિવાય બાલાસિનોરના ટિમ્બા મહોલ્લા વિસ્તારમાં આવેલ બાલાસિનોર સીટી સર્વે નંબર ૧૬૭૫ અને ૧૬૭૬ વાળી દાવાવાળી મકાન મિલકતો બાબતે પ્રત્યક્ષ વહેંચણી અને નિયત હકકો મુજબનું કબ્જો સંબંધિત પક્ષકારોને સોંપવા માટે અત્રેની રજીસ્ટરી ને સદર કામે કોર્ટ કમીશ્નરશ્રીની નિમણુંક કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ હેતુસર વાદીએ પ્રાથમિક તબક્કે કોર્ટ કમીશ્નરશ્રીની ફી માટે રૂ.૫,૦૦૦/- (રૂપિયા પાંચ હજાર) અત્રેની કોર્ટમાં જમા કરાવવા. સદર રકમ જમા કરાવેથી રજીસ્ટ્રીએ કોર્ટ કમીશનરશ્રીનું કમીશનપત્ર ઇસ્યુ કરવો.

(૯) કમીશનપત્ર ઇશ્યુ થયેથી કોર્ટ કમીશ્નરશ્રીએ સંબંધિત પક્ષકારોને નોટીસ કરી સદર મિલકતોની પ્રત્યક્ષ મુલાકાત કરી હુકમ મુજબ સંબંધિત પક્ષકારોનું નિયત હકક હિસ્સા મુજબનો સ્થળે જુદો-જુદો પ્રત્યક્ષ કબ્જો સોંપી આપવો અને હુકમ મુજબ અમલવારી કરવી અને જો હુકમ મુજબ અમલવારી શક્ય ના હોય તો તે અંગે સંબંધિત વિકલ્પો અને સુઝાવો સાથેનો રીપોર્ટ દિવસ-૬૦ માં અત્રેની કોર્ટને અંતિમ હુકમનામાં સારૂ રજુ કરવો.

(૧૦) બંને પક્ષકારોએ દાવાનું ખર્ચ પોત-પોતાનું ભોગવાનું રહેશે.

(૧૧) હુકમ મુજબ પ્રાથમિક હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૨ મી માહે જાન્યુઆરી, સને-૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**(અર્જુનસિંહ)**
**એડીશ્નલ સીવીલ જજ,**
**બાલાસીનોર.**
**જજ કોડ-જીજે૦૧૩૬૩**

**બાલાસીનોર.**
**તા. ૨૨-૦૧-૨૦૨૪**

//સ્ટેનોગ્રાફર-ડી.એન.પંડયા//